UNITED INTERNATIONAL ✞ **AMERICAN CHRISTIAN NEWS**

GUJAJARATI CHRISTIAN SOCIETY ✞ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ**

NEW YORK & NEW JERSEY ✞ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 ╬ email:jospausa@yahoo.com ✞ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION)* ✞ ISSUE–100 YEAR–33, March-April- 2012

**તંત્રીની કલમે આ પત્ર**...સને 2011-12નો 'વિન્ટર' કેવો? અરે! આ વર્ષે વિન્ટર જેવું ક્યાં કશું હતું? ના સ્નૉના ઢગલા થયા, ના 0 ડીગ્રી ટેમ્પરેચર, ના ભારે પવનના સુસવાટા અને ના સ્ટ્રીટ પર જામેલા સ્નૉમાં ડ્રાઈવ કરવાના પ્રસંગો આવ્યા? સ્નૉના ભારે મારાથી ના સ્કૂલ-કૉલેજોમાં રજાઓ! તાજેતરમાંજ આ દેશમાં ઈમિગ્રાન્ટ તરીકે આવેલાઓને તેમનાં સગાંઓએ અમેરિકાના ધ્રૂજાવી દે તેવા શિયાળાની વાતો કરી હશે, તેઓને તો બધી વાતો ટાઢા પહોરનાં ગપ્પાં જ લાગી હશે! કંપાવી દે તેવા અમેરિકાના શિયાળાની વાતોને ગપ્પાં માનનાર માટે આવતી સાલ સને 2012-13નો 'વીન્ટર' જ જવાબ કદાપિ આપી શકે! ઋતુઓમાં કોઈ વર્ષે આ પ્રકારનું પરિવર્તન આવે, પણ સામાન્ય રીતે હજારો વર્ષોથી વર્ષ દરમિયાન બદલાતી ઋતુઓ નિયમિત રીતે આવે છે, ચોક્કસ મુદત પછી વિદાય લે છે. આવા ઋતુ પરિવર્તનના ચક્ર ઉપર કોનો કાબૂ હશે? આપણે ખ્રિસ્ત ઈસુમાં શ્રધ્ધા રાખનાર તો માનીએ છીએ કે, આ સૃષ્ટિ-બ્રહ્માંડનું સર્જન કરનાર આપણા પ્રભુ પિતા જ છે. એટલે ઋતુ અને સમગ્ર બ્રહ્માંડની ગતિવિધિ ઉપર પ્રભુ પરમેશ્વરનો જ કાબૂ છે, હતો અને હંમેશાં રહેશે!

જીનીવામાં વિશ્વના મહાન વૈજ્ઞાનીકો બ્રહ્માંડના સર્જન અને સંચાલન અંગે સંશોધન કરી રહ્યા છે, જેનાં કેટલાંક પરિણામો પ્રભુ પરમેશ્વર જેવી કૉઈ દિવ્યશક્તિ હોવા અંગે હકારાત્મક હોવાના હેવાલો પ્રસિધ્ધ થયા છે. આપણી શ્રધ્ધા દૃઢ થાય તેવાં આ પરિણામ ગણાય! આવનાર સમય એ પણ પૂરવાર કરશે કે, પ્રભુ પરમેશ્વરે પોતાના પુત્ર તરીકે ઈસુને આ દુનિયામાં માનવ તરીકે મોકલ્યો હતો! આદિ માનવ તરીકે હવા અને આદમના માનવજાતને લાગેલા મૂળપાપમાંથી મુક્તિ અપાવવા પ્રભુ ઈસુએ એક માનવી તરીકે પોતાના જીવનનું બલિદાન આપ્યું, તેનું વિગતે વર્ણન "પવિત્ર શાસ્ત્ર બાઈબલ"માં નવા કરારની ચાર સુવાર્તાઓમાં આપણે વાંચીએ છીએ. ઈસુના જન્મથી મૃત્યુ સુધીની અનેક ઘટનાઓનાં સ્થળો હાલ પણ મોજુદ છે. એવો સમય જરૂર આવશે કે, દુનિયાના વધુને વધુ લોકો "બાઈબલ"ની વાતોને સાચી માનશે!

"તપઋતુ"ના 40 દિવસો આત્મમંથનમાં ગાળીને આત્મિક શુધ્ધતા પ્રાપ્ત કરવાનો અમૂલ્ય લ્હાવો મેળવનારા અનેક ખ્રિસ્તી ભાઈબેનોને જીવન જીવવાનું અનેરું ભાથું મળ્યું હશે. 40 દિવસના કે ફક્ત શુક્રવારના ઉપવાસ, કુટેવો અને કુવ્યસનોનો ત્યાગ, પરોપકારી કાર્યો અને સાદું જીવન જીવવાના સંકલ્પો ફક્ત ચાળીસ દિવસો પૂરતા ન રાખતાં સમગ્ર જીવનમાં તે નિભાવવાનો સંકલ્પ વ્યક્તિના પોતાના પર આધાર રાખે છે. 40 દિવસનું સંયમી જીવન ખુદને શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને આર્થિક રીતે ફાયદામાં હોય છે. આ દુનિયામાં જીવ્યા પૂરતા ફાયદા નહીં, પણ મૃત્યુ પામ્યા પછી પ્રભુ પરમેશ્વરના સાનિધ્યમાં સદાકાળ રહેવાનો એક અમૂલ્ય ફાયદો! પ્રભુ ઈસુએ માનવ તરીકે જન્મ લઈ માનવજાતને મુક્તિ અપાવી, તેનો આ અમૂલ્ય ફાયદો મળે તેવું જીવન જીવવા દૃઢ સંકલ્પ, એ જ તો "તપઋતુ"ની સાચી ભાવના ગણાય!

"ઈસ્ટર"નો ઉત્સવ મનાવતાં જે આનંદ મળે છે, તેનું વર્ણન કરી શકાય તેમ નથી. મનુષ્ય તરીકે ઈસુને ક્રૉસ ઉપર ખીલ્લાથી જડી દઈને મોતની સજા અપાય છે. દુનિયામાં કદિપણ બન્યું નથી તેવું ઈસુને દફનાવ્યાના ત્રીજા દિવસે બને છે, ઈસુ સજીવન થાય છે, ઈસુની કબર વહેલી સવારે ખાલી હોય છે. ઈસુ સજીવન થાય છે. ઈસુ 40 દિવસ પૃથ્વી પર રહે છે. ચમત્કારિક દર્શન આપે છે, શંકાશીલ શિષ્ય થોમસની શંકા બંધ ઓરડામાં પ્રભુ ઈસુ પ્રત્યક્ષ દર્શન દઈને દૂર કરે છે અને સજીવન થયાના 40મા દિવસે સદેહે સ્વર્ગમાં સીધાવે છે! મોત ઉપર વિજય મેળવનાર ઈસુનું ફક્ત 33 વર્ષનું આયુષ્ય માનવજાતના ઉધ્ધાર માટે વપરાયું! વર્ષો વર્ષ "ઈસ્ટર"નો મહાન અવસર ઉજવીને આપણે આપણાં વર્તમાન જીવન ઉજમાળાં કરીને પ્રભુ ઈસુના બલિદાનની સાર્થકતાના સાક્ષી બનીએ તો પ્રભુ ઈસુને સાચી રીતે ઓળખ્યા ગણાય!

"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ના પ્રિય વાચકોને મહા પર્વ "ઈસ્ટર"ની શુભેચ્છાઓ!

**વિજયનો આનંદ** –*ઈલા જૉબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

આજના જમાનામાં સલામતી અને શાંતિ નથી. આર્થિક કટોકટીને લીધે આર્થિક સંકડામણે દુનિયાના સઘળા દેશોને ખળભળાવી મૂક્યા છે. ક્યાંય સલામતી નથી. ચારે તરફ ભયનું વાતાવરણ ભીંસી રહ્યું છે. સાચી શાંતિ અને સાચી સલામતી ક્યાં છે? "બાઈબલ"માં શરૂઆતથી અંત સુધી પ્રભુ તેના લોકોની સાથે હતો અને છે. તે સમયે અને આજે સ્વતંત્રતાની સર્વ લડાઈ પ્રભુ પોતે જ લડે છે. પ્રભુ સતત પોતાના લોકની સંભાળ લે છે. અશાંત માનવને લૂક 23:24માં પ્રભુ કહે છે, *"હે બાપ, તેઓને માફ કર, કેમકે તેઓ જે કરે છે, તે તેઓ જાણતા નથી."* ઈસુ પોતે શાંતિનો સંદેશો આપે છે. ક્ષમા અને સ્વર્ગીય જીવનની ભેટ આપે છે. પ્રભુએ આપણને મગજ, શાંતિ, પ્રેમ અને શક્તિ આપ્યાં છે. એ જ ફિલીપી 4:7માં કહે છે, *"અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનની સંભાળ રાખશે."*

આ સંજોગોમાં પ્રભુએ આપેલ સર્વ આનંદ આપણે ગણી શકીએ? નાની નાની બાબતોમાં સુખ-સગવડનો આનંદ પ્રભુએ આપ્યો છે. તે ધ્યાનમાં લઈએ છીએ? જરાક મુશ્કેલી આવી તો ગભરાઈ ગયા, પણ એ મુસીબતમાં પણ આનંદ હોઈ શકે છે. યાકુબ 1:2-4 "મારા ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહના પરીક્ષણો થાય છે, ત્યારે તેમાં પૂરો આનંદ માનો, કેમકે, તમે જાણો છો કે વિશ્વાસની પરીક્ષામાંથી પાર ઉતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે. અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો." જ્યારે પરીક્ષણમાં પડો ત્યારે જાણો કે ત્યાંથી આનંદ મળે છે. તે સમયે આનંદને ગણવો-જાણવો મુશ્કેલ છે. અહીં જ વિશ્વાસની કસોટી થાય છે.

દાનિયેલ 3માં સળગતી અગ્નિની ભઠ્ઠીની વાત છે. કડક શિક્ષા છે. પરંતુ સાદ્રાખ, મેશાખ અને અબેદનગોએ રાજાની ખુશામત ન કરતાં અગ્નિની ભઠ્ઠીની પસંદગી કરી. તે સમયે પ્રભુ પોતે જ તેઓની સાથે હતા. સિંહોના બીલમાં સિંહોનાં મુખ પ્રભુએ જ બંધ કર્યાં. તેઓને સહેજ પણ આંચ આવી નહિ અને ઈસ્રાએલના દેવનો જયજયકાર થયો. તેમણે આનંદથી પ્રભુની સ્તુતિ કરી. ધીરજે ચોક્કસ પરિણામ આપ્યું. મુશ્કેલીમાં પણ આનંદ તે આ પ્રકારનો અલૌકીક આનંદ!

ગઈકાલે, આજે અને સદાકાળ પ્રભુ આપણી સાથે છે. અને આપણી લડાઈ તે જ લડે છે. નિર્ગમન 14:13-14 *"અને મુસાએ લોકોને કહ્યું, બીહો મા, ઊભા રહો અને યહોવા તમારા માટે જે બચાવ કરશે તે જુઓ. કેમકે, જે મિસરીઓને આજે તમે જુઓ છો તેઓને ફરી કદી તમે દેખશો નહિ. યહોવા તમારા માટે યુધ્ધ કરશે. ને તમારે શાંત રહેવું."* બીશ મા, ફક્ત નિહાળ, આજે તારણ જોઈ શકીશ. અને તેઓ શેતાનને હારેલો જોઈ શક્યા. દેવ જ લડાઈ લડ્યા.

ગલગાથાની ટેકરી ઉપર વધસ્તંભને નિહાળો, જ્યાં પાપ પર ઈસુ જય પામી, જગતનાં પાપ હરણ કરી, દેવ સાથે સમાધાન કરાવી, શાંતિ આપી ભયમાંથી મુક્ત કર્યા. કરિંથ 1 1:28 જગતના મોટા મનાતા અને શક્તિમાનોને શરમાવવા સારુ અકુલીન, ધિક્કાર પામેલા અને કંઈ વિસાતમાં નથી તેવા લોકોને પસંદ કર્યા છે. તેથી આપણે શક્તિશાળી બનીએ. દેવ આપણી સાથે જ છે. શેતાના તો હરાવવા તૈયાર જ છે. પણ જ્યાં સુધી પ્રભુમાં રહીએ છીએ ત્યાં સુધી વધસ્તંભના રક્ત દ્વારા શેતાન હારેલો છે. ગીત 119:105માં ભક્ત દાઉદ કહે છે કે, મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે. ને મારા માર્ગોને સારુ તે અજવાળારૂપ છે. આપણે દેવનું ખાસ ધન છીએ. આપણે સારુ વધસ્તંભ પર ઈસુએ ખંડણી ભરી ખંડી લીધા છે. જ્યાં શેતાનને પ્રભુએ હરાવ્યો છે. તેથી જ આપણે નિર્ભય છીએ. પ્રથમ તથા છેલ્લો, આલ્ફા તથા ઓમેગા! આપણા પુનરુત્થાન પામેલા પ્રભુમાં સંપૂર્ણ શાંતિ, સલામતી, વિજય અને આનંદ છે!

"ઈસ્ટરે રિપુને હરાવી, કર્યું મરણ ગરક જયમાં,
વિશ્વાસે આપ્યું અનંત જીવન, ઉજવું, હું તુજ વિજય જગમાં"

**પગારનો દિવસ** – *જોઈસી જોવેટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

વર્ષો પહેલાં "બીનાકા ગીતમાલા"નો રેડિયો પ્રોગ્રામ સાંભળવા ખૂબ મજા પડતી. તે જમાનામાં TV, Video કે Mobile નહોતા. રેડિયો પણ બધા પાસે ન્હોતા. મને રેડિયો મળતાં ખૂબ આનંદ થયો. દર મહિનાની પહેલી તારીખે સવારના 8 વાગ્યે કિશોરકુમારનું 'નોકરી' ફીલ્મનું ગીત "ખુશ હે જમાના આજ પહેલી તારીખ હૈ" સાંભળવાનો અનેરો લ્હાવો હતો. ભારતમાં મોટે ભાગે મહિનાની પ્રથમ તારીખે પગારનો દિવસ હોય. પગાર મળ્યે લોકો શરુઆતના દિવસોમાં "તાનામાના", બાદમાં મહિનાના છેવટના દિવસોમાં પૈસા કમી થતાં "છાનામાના" જેવી હાલતમાં મૂકાતા.

પગારના દિવસ મુજબ દરેક ગુના માટેનો પગાર દિવસ નક્કી હોય છે. પાપનો મુસારો મરણ છે. રાજાઓના બીજા પુસ્તકમાં ઈઝબેલ રાણીની વાત મળી આવે છે. આ રાણી દુષ્ટમાં દુષ્ટ રાણી હતી. એની જીંદગીમાં વિતતા દિવસો દરમિયાન એણે જોયું કે, એની દુષ્ટતા બદલ શિક્ષા થતી હતી. છતાં કોઈ પસ્તાવો નહિ કે કોઈ જાતનું ભાન નહિ. પ્રબોધક એલિયાહે કાર્મેલ પર્વત પર જ્યારે અર્પણ કર્યું ત્યારે સ્વર્ગીય અગ્નિ દ્વારા અર્પણ ભસ્મ થયું. ઈઝબેલના ખોટા પ્રબોધકો માર્યા ગયા, છતાં ઈઝબેલે પસ્તાવો કર્યો નહિ. એનો ધણી આહાલ માર્યો ગયો અને કૂતરાઓએ એના મૃત્ત ધણીનું રક્ત ચાટ્યું (1 રાજા 22:38) ત્યારેય આ રાણીએ પશ્ચાત્તાપ ન કર્યો. જ્યારે તેનો દીકરો ગંભીરપણે પટકાઈ મૃત્યુ પામ્યો (2 રાજા 1:2-4) ત્યારે પણ તે રાણીએ પ્રાયશ્ચિત ન કર્યું. જ્યારે યેહુએ તેના દીકરા યોરામ રાજાને મારી નાખ્યો, સાથે તેના પૌત્ર અહાઝ્ઝયાહ જે યહુદાનો રાજા હતો તેને પણ મારી નાખ્યો ત્યારે પણ ઈઝબેલ રાણી ટસની મસ ના થઈ.

પાપનું મૂલ્ય ચૂકવવા વર્ષો વિતતા ગયા. પગારનો દિવસ તો અચૂક ઇઝબેલના પાપો માટે આવવાનો જ હતો. એક દિવસે ચહેરા પર પાવડરના થપેડા, આંખોમાં કાજલ આંજી, બનીઠનીને બેઠેલી આ રાણીનો અંત આખરે કરુણ રીતે આવ્યો. એના પોતાના જ ચાકરોએ તેને ઊંચકીને બારીમાંથી તે ડોકીયું કરતી હતી ત્યારે બારી બહાર ફેંકી દીધી. ગલીમાં પછડાતાં વેંત જ ઘોડાઓએ તેને પગ તળે છૂંદી નાખી. અને શેરીના કૂતરાઓએ તેને ફંફોળી ખાધી, રહ્યા ફક્ત એના હાથપગ તથા ખોપડી. આ શરીરના અવયવો પણ છૂટાછવાયા રસ્તા પર વિખરાઈ ગયા. ઈશ્વરે 1રાજા 21:23માં કહ્યું હતું એ મુજબ કૂતરાઓએ એને ફાડી ખાધી.

પ્રભુ જરૂર બદલો લેનાર છે. આપણે તૈયાર રહેવાનું છે. નરકાગ્નિમાં બળવા કરતાં હાલ જ પસ્તાવો કરો! પ્રભુ પાપની માફી આપવા તત્પર છે.

પગારનો દિવસ વેગળો નથી. *"જેવું રોપશો, એવું લણશો."*

**"બાઈબલ" સ્ટડી- માર્ચ-એપ્રિલ 2012ના સવાલો**

**ઉત્પતિના પુસ્તકના આધારે નીચેના વાક્યો કોને માટે, કોણ બોલે છે? તે ક્યાં વપરાય છે, તે લખો:**

૧. ________ દેવની સંઘાતે ચાલતો.
૨. ________ ત્યારે લોક યહોવાહને નામે પ્રાર્થના કરવા લાગ્યા.
૩. તે તંબૂઓમાં રહેનારાઓનો તથા ઢોર રાખનારાઓનો પૂર્વજ હતો.
૪. આજ મને મારો અપરાધ યાદ આવે છે.
૫. હું તેનો જામીન થાઉં છું. તું તેને મારી પાસેથી માગી લેજે.
૬. માણસને લીધે હું પૃથ્વીને ફરી શાપ નહિ દઈશ.
૭. માણસ પોતાની વહુને વળગી રહેશે.
૮. અને તેઓથી આખી પૃથ્વીની વસ્તી થઈ, કોનાથી?
૯. ઈબ્રાહીમ શાથી મિસરમાં રહેવા ગયો?
૧૦. ઈશાક તથા રિબકાના જીવને કોણ સંતાપરૂપ હતા?

**"બાઈબલ" સ્ટડી-જાન્યુઆરી-ફેબ્રુઆરી-2012ના સાચા જવાબો:**

૧. સામસૂન-ન્યાયાધીશ 14:9
૨. અત્યાર સુધી યહોવાહે આપણને સહાય કરી છે. ૧ શમૂએલ 7:11
૩. શાઉલના ત્રણ દીકરાઓ-યોનાથાન, ઈરવી અને મલ્કીશુઆ. 1 શમૂએલ 14:49
૪. દાઉદને છ દીકરાઓ- (૧) આમ્નોન, (૨) કિલાબ, (૩) આબ્શાલોમ, (૪) અદોનીઆ, (૫) શફાટ્યા, અને (૬) યિથ્રુઆમ-2 શમૂએલ 3:2-5
૫. શાઉલ પછી તેનો દીકરો ઈશ બોશેથ રાજ કરવા લાગ્યો. 2 શમૂએલ 2:10
૬. દાઉદની સ્ત્રી મિખાબે બચાવ્યો. 1 શમૂએલ 19:11
૭. શમૂએલ પ્રબોધક્ના બે દીકરા (1) જ્યેષ્ઠ યોએલ (2) અબીયાહ-ન્યાયાધીશ તરીકે નીમાયા. 1 શમૂએલ 8:2
૮. શાઉલના દીકરા સીબા ચાકરને પંદર દીકરા તથા વીસ ચાકર હતા. 2 શમૂએલ 19:17
૯. મિખાહ નામના પુરૂષે ચોરીની કબૂલાત કરી. ન્યાયાધીશ 17:1-2
૧૦. હરારીનાદીકરા શામ્માહે પલિસ્તીઓને મારી નાખ્યા ને રક્ષણ કર્યું. 2 શમૂએલ 11:12

**"બાઈબલ" સ્ટડી-જાન્યુઆરી-ફેબ્રુઆરી-2012ના સાચા જવાબો આપનાર વિજેતાઓ:**

1. વેલેન્ટાઈન ટેલર-ન્યુ જર્સી,
2. ભાનુ ક્રિસ્ટી-કેલીફોર્નિયા,
3. વીરબાળા પી. ક્રિશ્ચિયન-ન્યુ જર્સી,
4. એમીલિયા ક્રિસ્ટી-ન્યુ જર્સી, 5. સ્ટેલા પરમાર, અને
6. મરિયમબેન સોલંકી-શિકાગો. સૌ વિજેતાઓને "અમેરિકનક્રિશ્ચિયન ન્યુઝ" વતી શ્રીમતિ રૂથબેન ક્રિશ્ચિયન અભિનંદન પાઠવે છે! વધુને વધુ વાચકો "બાઈબલ" સ્ટડીમાં ભાગ લઈને પોતાના બાઈબલ-પ્રેમને દર્શાવે તેવી અપેક્ષા!

**શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો**

"ગુજરાત ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ યુએસએ"ના ઉપક્રમે બે સદગતોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તા. 24 માર્ચ, 2012ને શનિવારે યોજાયો હતો. બ્રુકલિન, ન્યુયોર્કના "બેથલશીપ નૉર્વેજીયન મેથોડિસ્ટ ચર્ચ" ખાતે સાંજના 5થી 6 'ચર્ચ સર્વિસ' બાદ સ્વ. લેમ્યુએલ મરચંટ અને સ્વ. સુશીલાબેન પરમારને સ્મરણાંજલિ અર્પવાના કાર્યક્રમનું સપના ગાંધી અને બકુલ ફ્રેન્કે સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. ઉષાબેન અને ધીરજભાઈના ગ્રુપે સૂર-તાલ સાથે ભજનો રજૂ કર્યાં હતાં.

શ્રી પ્રવિણ ટેલરે સદગત લેમ્યુએલ મરચંટના જીવનની માહિતી આપતાં જણાવ્યું હતું કે, મિશન સ્કૂલમાં ભણતાં જ તેમને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવાની લગન હોવાથી તેઓ અંગ્રેજી પુસ્તકો, અંગ્રેજી અખબારો વાંચતા અને ઈંગ્લીશમાં પ્રભાવશાળી કાબુ ધરાવ્યો હતો. બ્રુક્લિનમાં ઉપરોક્ત સંસ્થા સ્થાપવામાં તેમનો સિંહ ફાળો હતો. યુનોમાં તેઓએ ઉંચી પોસ્ટમાં જોબ કરી હતી ત્યારે સ્વ. વિજ્યાલક્ષ્મી પંડિત સાથે કાર્ય કરવાનો તેમને મોકો મળ્યો હતો. કાયદાના સારા એવા જાણકાર હોવાથી સમાજના અનેક નવા ઈમિગ્રાન્ટોને તેમણે જરૂરી મદદ કરી હતી. નોટરી તરીકે વિના મૂલ્યે તેઓ સેવા આપતા. ઉપરોક્ત ચર્ચની કાઉન્સિલમાં પ્રેસિડેન્ટ તરીકે તેમણે સેવાઓ આપી હતી.

સ્વ. સુશીલા પરમારને વ્હીલચેરમાં સંસ્થાના દરેક પ્રોગ્રામમાં હાજરી આપ્યાની યાદો તેમણે તાજી કરીને એક પ્રેમાળ દંપતી તરીકે શ્રી જોસેફ પરમાર અને તેમનો સમગ્ર પરિવાર સમાજને પ્રેરણા રૂપ ગણાવ્યાં હતાં.

શ્રી જોસેફ પરમારે સ્વ. લેમ્યુએલ મરચંટને એક સાચા સામાજિક કાર્યકર તરીકે બિરદાવ્યા હતા. મૃત્તકોને યાદ કરીએ છીએ ત્યારે તેઓ જીવિત હતા ત્યારે આપણે તેમની સાથે કેવું વર્તન રાખતા તે તપાસીને જીવંતો સાથે પ્રેમાળ સંબંધો રાખવા અને પ્રભુ ઈસુચીંધ્યા પ્રેમને પ્રદર્શિત કરવા શ્રી જોસેફભાઈએ અનુરોધ કર્યો હતો.

સ્વ. સુશીલા પરમારની દીકરી મિનાક્ષી શર્માએ તેમની જીવન ઝરમર આપી હતી. જ્યારે સ્વ.નાં પુત્રવધૂ ઈલા ક્રિશ્ચિયને પોતાનાં સાસુમા વિષે ભાવુક વાતો રજૂ કરી હતી.

શ્રી રોબીન રૂબેને સ્વ. મરચંટ સાથેના રમૂજી પ્રસંગો વર્ણવીને શ્રોતાઓને હસાવ્યા હતા. સપનાબેન ગાંધીએ સ્વ. મરચંટની સામાજિક આગેવાનીનાં આગવાં પાસાં રજૂ કર્યાં હતાં. શ્રી જગદીશ અને કેતન ક્રિશ્ચિયનના મ્યુઝીકલ ગ્રુપે ભાવવાહી ભજનો સૂર-તાલ સાથે ગાઈને શ્રોતાઓની વાહવાહ મેળવી હતી.

ક્રિશ્ચિયન કૉમ્યુનીટીનાં મહિલા અગ્રણી ડૉ. હેમાબેન પરમારને "પ્રવાસી ભારતીય ગોલ્ડ મેડલ" મેળવવા બદલ અને શ્રી કેતન ક્રિશ્ચિયનને "ભારતરત્ન" નું સન્માન મળ્યા બદલ બિરદાવવામાં આવ્યા હતા. ખ્રિસ્તી સમાજના જાણીતા કાર્યકરશ્રી જગદીશ ક્રિશ્ચિયનને તેઓની વેબ સાઈટ www.jagadishchristian.com મારફતે 'વર્લ્ડવાઈડ' સેવા આપવા બદલ શ્રી. જૉયલ મરચંટ દ્વારા અભિવાદન કરાવામાં આવ્યું હતું.

ખ્રિસ્તી સમાજના અગ્રણી અને સ્વ. મરચંટના નાનાભાઈ જૉયલ મરચંટે આજનો કાર્યક્રમા યોજવા બદલ અને સૌએ હાજરી આપ્યા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના ચેરમેનશ્રી લિનસ ટેલર અને પ્રમુખશ્રી તુલસી માયલે કાર્યક્રમનું સુપેરે આયોજન કરીને સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું.

રેવ. અનિલ પટેલે સૌને પ્રાર્થનામાં દોરી પ્રભુના નામે આશીર્વાદ આપીને ભોજન પહેલાંની પ્રાર્થના કરાવી હતી. ઘણાંના આગ્રહથી છેલ્લે સમૂહમાં ભજનોની રમઝટ માણ્યા બાદ સમૂહમાં સ્વાદિષ્ટ ભોજન માણ્યાના અને કાર્યક્રમ સંપન્ન થયાના આનંદ સાથે સૌએ વિદાય લીધી હતી.

**"ભક્તિસંધ્યા"**ના કાર્યક્રમો

"ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ"ના ઉપક્રમે પ્રભુ ઈસુની વ્યથાના 40 દિવસોના ઉપવાસ અને આત્મચિંતનના 'તપઋતુ'ના દર શુક્રવારે "ભક્તિસંધ્યા" યોજવામાં આવે છે. જે કુટુંબ તરફથી આમંત્રણ મળે તેમના નિવાસસ્થાને સાંજના 9થી 10:15ના સમયમાં ભજનો, બાઈબલ વાચન અને પ્રભુ ક્રૉસ ઊંચકીને ઈસુ ચાલ્યા હતા તે માર્ગની ચિંતનાત્મક ભક્તિ તરીકે પ્રાર્થના રાખવામાં આવે છે. દર શુક્રવારની પાંચ "ભક્તિસંધ્યા" સંપન્ન થઈ છે, હવે આગામી છઠ્ઠી સભા તા. 30 માર્ચ 2012ને શુક્રવારે યોજાશે. "ભક્તિસંધ્યા"થી દર વખતે 35-45 સભ્યો પ્રભુના સાનિધ્યમાં રહેવાનો લ્હાવો લે છે. બે વર્ષથી કાર્યરત "ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ"ની કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. સર્વાનુમતે કમિટિ જાહેર થઈ છે અને હવે ટૂંક સમયમાં હોદ્દેદારોની પસંદગી થયા બાદ જાહેરાત થશે.

* એપ્રિલ 15, 2012 ટેક્ષ રિટર્ન ભરીને મોકલવાની છેલ્લી તારીખ છે. સને 2011ની પોતાની વાર્ષિક આવક ઉપર જરૂરી કરવેરા ચૂકવ્યાથી સને 2011ના પોતાના આવકના આંકડા મુજબવધુમાં વધુ 4 "વર્ક ક્રેડિટ" પોતાના "સોશિયલ સીક્યૉરીટી નંબર" ઉપર નોંધાય, જે ભવિષ્યના "સોશિયલ સીક્યૉરીટી'ના ઘણા બધા લાભો મેળવવા જરૂરી છે.

* એપ્રિલ 15, 2012 ટેક્ષ રિટર્ન સાથે IRSનું નવું 'ફૉર્મ 8938' ભરીને મોકલવું જરૂરી છે. "મૂળભૂત" ઈન્ડિયન બૉર્ન" વ્યક્તિએ તારીખ 30 જૂન 2012 સુધીમાં IRSનું Form TD F 90-22.1 ભરીને મોકલવું ફરજીયાત છે.

* NRI માટે "ઈન્ડિયન ગવર્મેન્ટ" તરફથી એક નવો કાયદો એપ્રિલ 2012થી 'ન્યુ ડાયરેક્ટ ટેક્ષ કૉડ' અમલમાં આવેલ છે. કોઈપણ NRI (મૂળભૂત "ઈન્ડિયન ગવર્મેન્ટ"નું "બર્થ સર્ટિફીકેટ" અને "ઈન્ડિયન પાસપૉર્ટ" ધરાવનારને "ઈન્ડિયન ગવર્મેન્ટ" આજીવન NRI ગણાય છે.) "ગ્રીનકાર્ડ" ધરાવનાર, PIO Card, OCI ધરાવનાર, કે "મૂળભૂત "ઈન્ડિયન પાસપૉર્ટ"ના આધારે "અમેરિકન સીટિઝન" હોય, અને ઈન્ડિયાની વિઝીટ કરે અને "1 એપ્રિલથી 31 માર્ચ" સુધીના નાણાંકીય વર્ષમાં 59 દિવસ ઈન્ડિયામાં રોકાય તો 'ન્યુ ડાયરેક્ટ ટેક્ષ કૉડ' લાગુ પડે નહીં. પણ જો 'નાણાંકીય વર્ષ'માં 60 દિવસ કે તેથી વધુ રોકાણ ઈન્ડિયામાં થાય તો તેવી વ્યક્તિએ પોતાની 'ગ્લૉબલ ઈન્કમ'-દુનિયાભરમાં પોતાની 60 દિવસમાં થયેલી આવક ઉપર ટેક્ષ ચૂકવવો પડે, અને સત્તાવાર "ટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ" રજૂ કર્યા બાદ જ ઈન્ડિયા છોડી શકાય.

* આ પ્રમાણે "ઈન્ડિયા"માં ટેક્સ ચૂકવ્યો હોય, તેવી "ઈન્કમ" ઉપર જે દેશમાં એ જ ઈન્કમ ઉપર ટેક્ષ ચૂકવ્યો હોય તો "ડબલ ટેક્ષેશન"ના નિયમ મુજબ ઈન્ડિયામાં ચૂકવેલ ટેક્ષ 'રિફંડ' મળવાપાત્ર હોઈ શકે છે.

ટેક્ષ રિટર્ન સંબંધી નિષ્ણાત એકાઉન્ટન્ટનો સંપર્ક સાધવો હિતાવહ રહેશે.

* એપ્રિલ મહિનો "ક્રિસમસ ઈન એપ્રિલ" નામે એક યોજનાના અમલનો મહિનો છે. જે સીનિયર સીટિઝન 62 કે તેથી વધુ ઉંમર હોય અને મકાનમાલિક હોય, તેઓને માટે લાભદાયક યોજના તે "ક્રિસ્મસ ઈન એપ્રિલ". સ્થાનિક મ્યુનિસિપાલિટિ સંચાલિત આ યોજના હેઠળ ઓછી આવક હોવાથી લાભાર્થીને મકાનનું સમારકામ, ઘરની 'હીટીંગ સિસ્ટમ' 'રૂફ', બાથરૂમ, રસોડું, પાણીના નળ, દિવાલ રંગકામ, તાર કે લાકડાની વાડ બનાવવી, વગેરે વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. વધુ માહિતી માટે સ્થાનિક મ્યુ. નો સંપર્ક સાધવો.

* $20.00 શ્રી. નયન વ્યાસ તરફથી "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"-ACNને મળેલ દાન માટે આભાર!

* શ્રી. નયન વ્યાસનાં માતૃશ્રી. જ્યોત્નાબેન વ્યાસની માંદગીમાંથી પ્રભુ તેમને તંદુરસ્તી બક્ષે તે માટે પ્રાર્થના કરવા ACNના વાચકોને નમ્ર વિનંતી!

* ગુજરાતી ક્રિશ્ચિયન કોમ્યુનીટીના જાણીતા અગ્રણી અને "ગુજરાત ક્રિશ્ચિયન ફેડરેશન ઑફ અમેરિકા" ન્યુયૉર્કના સ્થાપકોમાંના એક અને સંસ્થાને સક્રિય રાખવામાં જેઓનો સિંહફાળો હતો તેવા સ્વ. લેમ્યુએલ મરચંટની અંતીમ યાત્રામાં ખ્રિસ્તી સમુદાયે મોટી સંખ્યામાં સહકાર આપ્યા બદલ, તેમ જ "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"માં આ સમાચારની નોંધ લેવા બદલ "મરચંટ ફેમિલી" વતી શ્રી. જૉયલ મરચંટે લેખિત પત્ર મોકલીને તંત્રીશ્રી. જોસેફ્ફ રમારનો આભાર માન્યો છે. શ્રી. જૉયઈનો આભાર!

Six Things Which **Weaken** The Relation

1, Misbehaving 2, Ignoring

3, Lying 4, Breaking Promises

5, Avoiding Contact 6, Doubting

Six Things Which **Strengthen** The Relations:

1, Good Attitude 2, Helping

3, Trusting 4, Respecting

5, Entertaining 6, Forgiving Mistakes....!!!

**Ten Ways to Love (As Bible verses)**

1. Listen without interrupting (Proverbs 18)
2. Speak without accusing.(James 1:19)
3. Give without sparing. (Proverbs 21:26)
4. Pray without ceasing. (Colossians 1:9)
5. Answer without arguing. (Proverbs 17:1)
6. Share without pretending. (Ephesians (4:15)
7. Enjoy without Complaint (Philippians (2:14)
8. Trust without wavering. (Corinthians 13:7)
9. Forgive without punishing. (Colossians 3:13)
10. Promise without forgating. (Proverbs 13:12)

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને **એપ્રિલ 2012 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | જાન્યુઆરી-12 | ફેબ્રુઆરી-12 | માર્ચ-12 | **એપ્રિલ-12** |
|---|---|---|---|---|
| **F-1** | 15 Oct.-04 | 22 Dec--04 | 01 Feb.-05 | **01 April-05** |
| **F-2 A** | 22 April-09 | 08 Jun-09 | 22 July-09 | **08 Oct-09** |
| **F-2 B** | 08 Sep-03 | 15 Oct-03 | 15 Nov.-03 | **16 Jan-04** |
| **F-3** | 01 Nov-01 | 01 Dec-01 | 01 Jan-02 | **15 Feb-02** |
| **F-4** | 15 Aug-00 | 08 Sep-00 | 08 Oct.-00 | **08 Nov-00** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, ચારેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને પોતાના વિઝા માટે ધીરજ રાખવી.**

ઉપરોક્ત કોઠા મુજબ **એપ્રિલ -2012ની વિઝાની વિગત** નીચે મુજબ છેઃ-

F-1-અમેરિકન સીટીઝનનાં અપરણિત સંતાનો-**01 April, 2005** ગયા માસથી **59 દિવસ આગળ** વધી, એટલે ટૂંક સમયમાં નોર્મલ થવાની આશા.

(યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

F-2 A ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **08 October, 2009** (ગયા મહિનાથી76 દિવસ આગળ ગઈ છે)

F-2 B– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો- **16 January, 2004** (ગયા મહિનાથી હવે આ મહિને **62 દિવસ આગળ**

**વધી છે.** આ કેટેગરી હવે દર માસે આગળ વધશે, તેમ જણાય છે.)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**15 Febuarry, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **45 દિવસ આગળ વધી** છે)

**F-4**–**US સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**08 November, 2000**
(ગયા મહિનાથી આ ફાઈલ ફક્ત **31 દિવસ આગળ વધી** ખરેખર તો જાન્યુઆરીમાં પહોંચી હતી, ત્યાંથી હજી **1 વર્ષ 1 મહિનો પાછળ** જ છે)

**આ મહિને કેટેગરી F-4 સિવાય બધી કેટેગરી સારી એવી આગળ વધી છે. જેથી હવે બધી કેટેગરી જલ્દી અગળ વધશે, એવી આશા બંધાય તેમ છે!** uscis.gov વેબ સાઈટ ઉપર મૂકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની ફાઈલ ચાલુ જ છે. **બંધ થઈ નથી..**

***નોંધ:*** *ઉપરોક્ત તમામ માહિતી રજૂકર્તાની સમજ, અને કાયદાના અર્થઘટન મુજબ સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરી છે, જે વિશ્વસનીય હોવા છતાં માહિતીના ઉપયોગ માટે રજૂકર્તા, તંત્રી કે પ્રકાશક જવાબદાર નથી.*

**ખુશ ખબર:**-"સોશિયલ દર્પણ"ની બીજી આવૃત્તિ **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"** નામે **કદાપિ** એપ્રિલ 2012ની આખર સુધીમાં પ્રસિધ્ધ થનાર છે. કિંમત અને કેવી રીતે મેળવી શકાશે તે માટે **"ગુજરાત દર્પણ" વાંચતા રહેજો!** (આ બાબતે ફોન કરવો નહીં)

"યુએસ સીટીઝશીપ ગાઈડ"ની નવી **ચોથી આવૃતિ** વધારાની કાયદાકીય ઉપયોગી માહિતી સાથે પ્રસિધ્ધ થઈ છે. **મોટા અક્ષર** અને ખાસ **તો ઈન્ટરવ્યુને ધ્યાનમાં રાખીને** તૈયાર કરેલી આ ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી**, તેથી અમેરિકાનાં 50-પચાસે રાજ્યોમાં ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", "બુટાલા એમ્પોરિયમ" (ન્યુયોર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસેથી મળે છે. ગુજરાતી અરજદાર આ ગાઈડ મુજબ તૈયારી કરે તો ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ જાગે છે. $8.00નો ચેક કે મની ઑર્ડર **Josh Foundation** નામે લખીને 45cની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** છુટ્ટી મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરમાને મોકલવાથી **10–દસ** દિવસમાં આપને મળી જશે. *(આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી $8.00ના બદલે ઉદાર દિલે $11.00-$100.00 સુધી કે તેથી વધુ રકમનો ચેક મોકલીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! હવે ઘણાખરા $8.00ના બદલે ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તે તમામ ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે!*
*("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, તે મંગાવવા **$4.00** ઉમેરવા)*
**સવારના 10 પહેલાં** અને સાંજના 7 **પછી** ફોન કરવો નહિ.

From:- AMERICAN CHRISTIAN NEWS
Community Paper soliciting your Co-operation
11. I.D. # 11-2917985 August 28, 1988
12. "Gujarati Christian Church"
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
Phone # (732) 750-4064

**પ્રભુ ઈસુ ઉપર ચલેલો મુકદમો!** *–જોસેફ પરમાર*

પ્રભુ ઈસુના જન્મથી ક્રોસ ઉપરના મૃત્યુ સુધીના અનેક બનાવો "બાઈબલ"ના નવા કરારનાં ચાર પુસ્તકોમાં વાંચવા મળે છે. ઈસુ 30 વર્ષના થયા તે પહેલાંના જૂજ પ્રસંગો ઈસુ વિશે જાણવા મળે છે. ઈસુના જાહેર જીવનના અનેક પ્રસંગો માથ્થી, માર્ક, લૂક અને યોહાનાની સુવાર્તામાં અને પ્રેષિતોનાં ચરિતો અને પ્રેષિતોના પત્રોમાં પણ જાણવા મળે છે. કેટલાક પ્રસંગોમાં નજરે જોનાર સાક્ષી હોવાનાં વર્ણનો પણ છે!

ઈસુના જીવનના સૌથી મહત્ત્વનો બનાવ ઈસુ ઉપર સૂબાના દરબારમાં ચાલેલો "મુકદમો" ગણી શકાય. ઈસુને દેહાંત દંડની સજા ઈસુના મૃત્યુ માટેનું કારણ બને છે. ન્યાયાલયમાં જ્યારે આરોપીને હાજર રાખી તેના ગુના સાબિત કરવાની કાર્યવાહી ચાલે છે, ત્યારે ચૂકાદો આપવા માટે આરોપી, સાક્ષીઓ અને ગુનાના પૂરાવા મહત્ત્વનો ભાગ ભજવે છે. અનેક પ્રેક્ષકો પણ ન્યાયાલયમાં હાજર રહેતા હોય છે. કેટલાક પ્રેક્ષકો તમાશો જોવા, તો કેટલાક ગુનેગારને કડક સજા થાય તેમ માનનાર હોય, ગુનેગાર તરફી પ્રેક્ષકો પણ હોય શકે!

ઈસુના ઉપર ચાલેલા ખટલામાં ઈસુ આરોપી છે, ઈસુ પોતાને 'ખ્રિસ્ત', 'યહુદીઓનો રાજા' માને છે, તેવો ઈસુ ઉપર આરોપ હતો. મુખ્ય પુરોહિતોએ ઈસુ ઉપર આરોપ મૂક્યો હતો. યહુદીઓ સાક્ષી તરીકે હતા અને ઘણા પુરોહિતો તરફી પ્રેક્ષકો હતા. આરોપી એવા ઈસુ તરફી પ્રેક્ષકો હોવાનો કોઈ ઉલ્લેખ સુવાર્તામાં નથી. અહીં પ્રશ્ન થાય છે કે, ઈસુના મુખ્ય બાર શિષ્યો ત્યારે હાજર હતા? જો હાજર નહોતા તો તેઓ ક્યાં જતા રહ્યા હશે? કે ક્યાંક છૂપાઈ રહ્યા હશે? જ્યારે વડા પુરોહિત પાસે ગુનેગાર તરીકે ઈસુને પ્રથમવાર હાજર કર્યા ત્યારે ઈસુનો ખાસ શિષ્ય સીમોન પીતર તાપણા આગળ ઊભો ઊભો તાપતો હતો. કે જે સીમોન કે પીતર તરીકે ઓળખાતો હતો તે ત્યાં હાજર હતો, જેથી ઈસુના બીજા શિષ્યો પણ આજુબાજુ આઘાપાછા થતા હશે, તેવું અનુમાન કરી શકાય. પોતાની ઓળખ છૂપાવવાનો પીતરની જેમ બીજા શિષ્યો પણ ઈસુના ટેકામાં રહેવા તૈયાર નહોતા. પીતરને તો લોકો પૂછે છે, "તું પણ તેનો (ઈસુનો) શિષ્ય નથી?" પીતર સ્પષ્ટ 'ના' પાડે છે!

જો ઈસુના ખાસ શિષ્યો જ આરોપી એવા ઈસુ તરફી હાજર રહેવા તૈયાર નહોતા, તો જાહેર પ્રજામાંથી ઈસુને મદદરૂપ થનાર સૂબાના દરબારમાં કોઈ જ નહોતું તેમ માની શકાય. ઈસુએ અનેક ચમત્કારો કર્યા હતા, માંદાને સાજા, અંધોને દેખતા, લંગડાને ચાલતા અને એમ અનેક રોગીઓને રોગમુક્ત કર્યા હતા. આ બધામાંથી કોઈ આરોપી ઈસુની પડખે આવીને ઊભા રહેવા જોઈતા હતા! આજે આપણે ધારીએ કે જો *'અમે ત્યારે જીવતા હોત અને ઈસુની મદદ અમને મળી હોત, તો જરૂર આરોપી ઈસુને નિર્દોષ છોડાવવા બનતું બધું જ કર્યું હોત!'* શું આ શક્ય હોત? આપણે પણ ત્યારે ઈસુના વિરોધમાં ગયા હોત! ઈસુના ટેકામાં હોત તેવું માની શકાય તેમ નથી! ઈસુને સજા થાય તેમ ઈચ્છતા લોકસમૂહમાં આપણે પણ સામેલ થઈ ગયા હોત! સાબિતી માટે દૂર જવું પડે તેમ નથી. ઈસુના મરણ પ્રસંગ બન્યાનાં 2,000 વર્ષ ઉપરાંત વર્ષો વિત્યા પછી નિર્દોષ હોય તેઓને બેરહેમીથી રહેંસી નાખવામાં આજના માનવ પાછા પડતા નથી. મનોમંથન કરવા જેવું છે, *"જો ઈસુના મુકદમા સમયે હું હાજર હોત તો મારી ભૂમિકા શી હોત???"*

**To,**